**અનુદાનિત બિનસરકારી માધ્યમિક /ઉચ્ચતર માધ્યમિક શાળાઓને બીન અનુદાનિત શાળાઓમાં તબદીલ કરી આપવાની નીતિ નક્કી કરવા બાબત.**

**ગુજરાત સરકાર,**
**શિક્ષણ વિભાગ,**
ઠરાવ ક્રમાંક : બમશ/૧૨૦૪/સીસી/૪૬૬/ગ
સચિવાલય, ગાંધીનગર.
**તારીખ : / /૨૦૦૫**
20 APR 2005

**વંચાણે લીધા :-**

(૧) શિક્ષણ વિભાગનો તા.૩૧-૧-૯૭ નો ઠરાવ ક્રમાંક : ઉમશ/૧૨૯૫/ઇએમઆર/૬૩/ગ
(૨) નામ.ગુજરાત હાઇકોર્ટ સમક્ષની સી.એ.નં.૭૬૦૮/૦૪ ઇન સ્પે.સી.એ.નં.૫૧૩૯/૨૦૦૨ પરનો તા.૬/૧૦/૨૦૦૪ નો હુકમ.
(૩) શિક્ષણ વિભાગનો તા.૩-૧૧-૦૪ નો પત્ર ક્રમાંક : બમશ/૧૩૨૦૦૨/ સીસી/૧૮૧/ગ.
(૪) નામ.ગુજરાત હાઇકોર્ટ સમક્ષની સ્પે.સી.એ.નં.૧૬૫૦૧/૨૦૦૪ પરનો તા.૩૦-૧૨-૦૪ નો વચગાળાનો હુકમ

**ઠ રા વ :-**

રાજ્યમાં માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ ક્ષેત્રે બીનસરકારી માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક શાળાંઓને અનુદાન આપવાની નીતિ ઘણા સમયથી અમલમાં છે. ઉપર આમુખ ક્રમાંક (૧) માં જણાવેલા શિક્ષણ વિભાગના તા.૩૧-૧-૯૭ ના ઠરાવથી ગ્રાન્ટ વિનાની બિનસરકારી માધ્યમિક / ઉચ્ચતર માધ્યમિક શાળાઓને મંજુરી આપવાની નીતિ નિયત કરવામાં આવેલ છે. નવચેતન હાઇસ્કૂલ ટ્રસ્ટ, પાલડી, અમદાવાદ તરફથી નામ.હાઇકોર્ટમાં તેમના ધોરણ ૮, ૯, ૧૦ ના ગ્રાન્ટેડ વર્ગોને ક્રમશઃ નોન ગ્રાન્ટેડ વર્ગમાં ફેરવવા સ્પે.સી.એ.નં. ૫૧૩૯/૨૦૦૨ થી દાદ માંગેલ હતી. આ બાબતમાં નામદાર વડી અદાલત તરફથી સક્ષમ સત્તા તરફથી તે બાબતમાં યોગ્ય નિર્ણય લેવા હુકમ કરવામાં આવેલ. તેના સંદર્ભમાં શિક્ષણ વિભાગના તા.૩-૧૧-૦૪ ના પત્રથી સંસ્થાની દરખાસ્ત નામંજુર કરવામાં આવેલ હતી. તે સામે સંસ્થાએ પુનઃ નામ.ગુજરાત હાઇકોર્ટ સમક્ષ એસ.સી.એ.નં.૧૬૫૦૧/૨૦૦૪ દાખલ કરવામાં આવેલ હતી. તે

ના નામ.હાઇકોર્ટના તા.૩૦-૧૨-૦૪ ના વચગાળાના હુકમથી આ બાબતમાં નીતિ વિષયક નિર્ણય લેવા અને નિર્ણયની જાણ નામ. ગુજરાત વડી અદાલતને કરવા સૂચવાયેલ છે. હવે ફક્ત આ સંસ્થાને જ વિચારણામાં ન લેતાં એક નીતિ વિષયક નિર્ણય લેવાની જરૂરિયાત ઉભી થઇ છે. આ બાબતમાં ગ્રાન્ટેડ શાળાના કેટલાક વર્ગોને અથવા સમગ્ર શાળાને નોન ગ્રાન્ટેબલ કરવામાં આવે તો તેમાં ફરજ બજાવતાં શૈક્ષણિક અને બિન શૈક્ષણિક મહેકમ કે જે પેન્શન પાત્ર નોકરી ધરાવે છે, ગ્રાન્ટેબલ સંસ્થા તરફથી નોન ગ્રાન્ટેબલ વર્ગો ક્રમશઃ માગવામાં આવે તો ગ્રાન્ટની ચુકવણી કઇ રીતે કરવી ? સંસ્થા નોન ગ્રાન્ટેબલ થતાં વિદ્યાર્થીઓના ફીના પ્રશ્નો ઉદ્દભવશે તો તે માટે શું કરવું ? વિદ્યમાન ગ્રાન્ટેડ સંસ્થાને રાજ્ય સરકાર તરફથી અપાયેલ નાણાકીય લાભો અંગે શું ? વગેરે પ્રશ્નો નિર્ણય લેતા પહેલાં વિચારણા માંગી લે તેવા છે. આ બધી બાબતો ધ્યાનમાં રાખીને રાજ્ય સરકાર આથી નીચે મુજબની સર્વગ્રાહી નીતિ નિયત કરવા નીચે મુજબની શરતોને આધીન ઠરાવે છે.

૧. ગ્રાન્ટેડમાંથી કાયમી ધોરણે નોન ગ્રાન્ટેડમાં તબદીલી માંગતી શાળાઓને જ આ ઠરાવની શરતો લાગુ પડશે.

૨. શાળાને જે શૈક્ષણિક વર્ષથી નોન ગ્રાન્ટેડની મંજુરી આપવામાં આવે તે વર્ષ અગાઉના વર્ષોમાં ગ્રાન્ટેડ શાળા તરીકે સરકાર તરફથી જે કઇ લાભો જે તે સંસ્થાને મળતા હશે તે તમામ આવર્તક લાભો તેમને મળતા બંધ થશે. જે અંગે તેઓએ લેખિતમાં બાહેંધરી આપવી પડશે.

૩. શાળાના વિકાસ માટે સરકાર તરફથી શૈક્ષણિક હેતુ માટે જમીનના પ્રવર્તમાન બજાર ભાવને બદલે રાહતથી જમીન આપવામાં આવેલ છે તે તથા શાળાના વિકાસ માટે સાધન સામગ્રી ખરીદવા, લાયબ્રેરીના વિકાસ માટે તેમજ ભૌતિક સુવિધાઓનો જે લાભ સંસ્થાએ મેળવેલ છે તે સંસ્થાએ રાજ્ય સરકારમાં પરત જમા કરાવવો રહેશે. જે સંસ્થાઓને રાહત દરે જમીન આપેલ હોય તે સંસ્થાઓએ આજની બજાર કિંમતે ભાવ ફેરની રકમ જમા કરાવવાની રહેશે.

૪. ગ્રાન્ટેડમાંથી નોન ગ્રાન્ટેડમાં તબદીલી માગતી શાળાઓ સંસ્થાએ આ માગણી સમગ્ર શાળા માટે તમામ પ્રભાગો માટે એક સાથે માંગવાની રહેશે.

તબદીલી માંગતી વખતે શાળામાં ભણતા વિદ્યાર્થીઓના વાલીઓ પાસેથી તેઓને પુરતી સમજ આપી સંમતિ મેળવી રજૂ કરવાની રહેશે.

૫. જે કર્મચારીઓ ગ્રાન્ટેડ શાળામાં નોકરી કરે છે તે તમામને સરકારના ગ્રાન્ટેડ તરીકેના કોઇપણ લાભો હવે પછી મળશે નહીં. તે સમજ સાથે બાહેંધરી મેળવી તબદીલી માટે દરખાસ્ત કરવાની રહેશે.

૬.(અ)તબદીલી માગતી શાળાએ ધોરણ-૮ ના પ્રથમ વર્ગ માટે રૂા.૨.૦૦ લાખ, ધોરણ-૯ ના પ્રથમ વર્ગ માટે રૂા.૫૦/- હજાર તથા ધોરણ-૧૦ ના પ્રથમ વર્ગ માટે રૂા.૫૦/- હજાર ડિપોઝીટ પેટે જિલ્લા શિક્ષણાધિકારીશ્રી સાથે સંયુક્ત ખાતામાં જમા કરાવવાના રહેશે. આમાં પ્રથમ અને બીજા વર્ષે સંયુક્ત ખાતામાં જમા થયેલ રકમ ઉપર મળેલ વ્યાજ ધ્યાને લેવાનું રહેશે નહીં.

ધોરણ-૮ કે ધોરણ-૯ ના બીજા વધારાના વર્ગની માંગણી કરવામાં આવે ત્યારે વર્ગદીઠ રૂા.૫૦/- હજાર અગાઉ સંયુક્ત ખાતામાં જમા થયેલ રકમ ઉપરાંત જમા કરાવવાના રહેશે. ધોરણ-૧૦ ના બીજા ક્રમિક વર્ગ વધારા માટે કોઇ ડિપોઝીટ મૂકવાની રહેશે નહીં. ધોરણ-૧૧ અને ધોરણ-૧૨ ના પ્રથમ વર્ગ માટે રૂા.૨.૦૦ લાખ ડિપોઝીટ પેટે સંયુક્ત ખાતામાં જમા કરાવવાના રહેશે. ધોરણ-૧૧ કે ધોરણ-૧૨ ના બીજા વધારાના વર્ગની માંગણી કરવામાં આવે ત્યારે વર્ગદીઠ રૂા.૫૦ હજાર સંયુક્ત ખાતામાં જમા કરાવવાના રહેશે.

(બ) ડિપોઝીટની રકમ શિડયૂલ બેન્ક અથવા નાની બચતના પ્રમાણપત્ર કે જેમાં નામજોગ પ્રમાણપત્ર મળતું હોય તેમાં રોકવાની રહેશે.

(ક) ડિપોઝીટ પર મળેલ પ્રથમ બે વર્ષ પછીની વ્યાજની રકમ શૈક્ષણિક હેતુ માટે સંસ્થા ઉપાડવા માંગતી હોય તો સંસ્થા પાસેથી તે મતલબની બાહેંધરી એફિડેવીટ સ્વરૂપમાં મેળવીને સંસ્થાને વ્યાજની રકમ ઉપાડવા દેવા સક્ષમ અધિકારી મંજુરી આપશે.

૭. શાળામાં એસ.સી., એસ.ટી. અને બક્ષી પંચના વિદ્યાર્થીઓને અનુક્રમે ૭ ટકા, ૧૪ ટકા અને ૧૦ ટકાના ધોરણે પ્રવેશ આપવાનો રહેશે. હાલમાં જે અનામત કક્ષાના વિદ્યાર્થીઓ પાસેથી ફી લેવામાં આવતી નથી તેવા અનામત કક્ષાના વિદ્યાર્થીઓ પાસેથી ગ્રાન્ટ વગરની

શાળા ફી લઇ શકશે. સંસ્થાને સરકાર તરફથી ફી પેટે કોઇ ગ્રાન્ટ ચૂકવવામાં આવશે નહીં.

૮. હાલમાં કન્યા કેળવણી મફત છે પરંતુ ગ્રાન્ટ વિનાની શાળાઓ માટે ફી એ જ આવકનો મુખ્ય સ્ત્રોત હોઇ, ગ્રાન્ટ વિનાની બિન સરકારી માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક શાળાઓ કન્યાઓ (વિદ્યાર્થીનીઓ) પાસેથી ફી લઇ શકશે. કન્યાઓની ફી પેટે સરકાર તરફથી સંસ્થાને કોઇ ગ્રાન્ટ ચુકવવામાં આવશે નહીં.

૯. કાયમી ધોરણે ગ્રાન્ટ નહીં લેવાની શરતે જે શાળાઓને તબદીલીની મંજુરી આપવામાં આવે તેવી શાળાઓએ વિદ્યાર્થીઓ પાસેથી કેટલી ફી લેવાની રહેશે તેનું ધોરણ સરકારશ્રી વખતોવખત નક્કી કરે તે પ્રમાણેનું રહેશે. હાલ આ ધોરણ પેરા-૧૦ માં દર્શાવ્યા પ્રમાણેના નક્કી કરવામાં આવે છે.

૧૦. કાયમી ધોરણે સરકારી અનુદાન સહાય વગર મંજુર કરાતી બિન સરકારી માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે ટ્યુશન ફી, સત્ર ફી તથા પ્રવેશ ફી નું ધોરણ સરકાર દ્વારા વખતોવખત જાહેર થાય તે મુજબ રહેશે. હાલ ફી નું ધોરણ નીચે મુજબનું રહેશે.

| ક્રમાંક | ધોરણ | ટ્યુશન ફી (પ્રતિમાસ) | સત્ર ફી પ્રતિ વર્ષ (વર્ષમાં બે સત્રના ધોરણે) | પ્રવેશ ફી ધોરણ-૮ માં કે જે તે ધોરણમાં પ્રથમ વખત દાખલ થતી વેળાએ એક જ વાર. |
|---|---|---|---|---|
| ૧ | ૮ | રૂ.૧૨૫ | રૂ.૨૫૦ | રૂ.૧૦૦ |
| ૨ | ૯ | રૂ.૧૪૦ | રૂ.૨૫૦ | રૂ.૧૦૦ |
| ૩. | ૧૦ | રૂ.૧૬૦ | રૂ.૨૫૦ | રૂ.૧૦૦ |
| ૪ | ૧૧ | રૂ.૧૭૫ | રૂ.૨૫૦ | રૂ.૧૦૦ |
| ૫ | ૧૨ | રૂ.૨૦૦ | રૂ.૨૫૦ | રૂ.૧૦૦ |

ઉપરોક્ત ફીના ધોરણો અંગે સ્પષ્ટતા કરવામાં આવે છે કે, ફીના ઉપરોક્ત ધોરણો ગુરુત્તમ છે અને દરેક શાળા વિદ્યાર્થીઓને કઇ સગવડ આપે છે તે લક્ષમાં લઇ જે તે શાળાએ લેવા પાત્ર ફીની રકમ નક્કી કરવામાં આવશે. આવી મંજુરી જિલ્લા શિક્ષણાધિકારીશ્રી આપશે અને લેવાપાત્ર ફી નક્કી કરતી વખતે શાળા તરફથી

વિદ્યાર્થીઓને અપાતી શિક્ષણની ગુણવત્તા, શાળામાં નિમાયેલ શૈક્ષણિક સ્ટાફની ગુણવત્તા, શાળાના મકાનની વ્યવસ્થા તેમજ શૈક્ષણિક તથા ઇતર પ્રવૃત્તિઓ માટે વિદ્યાર્થીઓને અપાતી સગવડ વગરે લક્ષમાં લઇ ફી નક્કી કરવાની રહેશે. આમ, શાળાને ફીની જે આવક થાય તેમાંથી ૮૦ ટકા રકમ શૈક્ષણિક અને બિનશૈક્ષણિક સ્ટાફના પગાર ભથ્થા માટે વાપરવાની રહેશે અને ૨૦ ટકા રકમ શાળાના અન્ય માન્ય ખર્ચ માટે વાપરવાની રહેશે. આવી શાળાઓમાં દાખલ થતી તેમજ અભ્યાસ કરતી વિદ્યાર્થીનીઓ તથા અનામત વર્ગના વિદ્યાર્થીઓ પાસેથી સરકારની નીતિ પ્રમાણે શાળા ફી લઇ શકશે. ટૂંકમાં, કોઇ પણ પ્રકારનું અનુદાન સહાય સરકાર તરફથી શાળાને કે વિદ્યાર્થીઓને આપવામાં આવશે નહીં. ફી નું ઉકત ધોરણ સરકારની કોઇપણ જાતની ગ્રાન્ટ કે સહાય નહીં લેવાની શરતે તબદીલ કરાતી બિન સરકારી માધ્યમિક કે ઉચ્ચતર માધ્યમિક શાળાઓને જ લાગુ પડે છે.

૧૧. ગ્રાન્ટ નહીં લેવાની શરતે તબદીલ કરેલ શાળાના વર્ગ બંધ થાય કે શાળા બંધ થાય તો તેવી શાળાના શિક્ષકોને તેમજ બીન શૈક્ષણિક સ્ટાફને સરકારશ્રી દ્વારા ફાજલ શિક્ષકોને/સ્ટાફને અપાંતા રક્ષણનો લાભ મળી શકશે નહીં.

૧૨. શૈક્ષણિક તેમજ બિન શૈક્ષણિક કર્મચારીઓના પગાર સરકારે વખતોવખત નક્કી કરેલા પગાર ધોરણ પ્રમાણે જ ચુકવવાના રહેશે. સરકારે નિયત કરેલ પગાર ધોરણ કરતાં કોઇ શાળા વધુ પગાર આપવા માંગતી હોય તો તે આપી શકશે.

૧૩. સરકારે નક્કી કર્યા મુજબનો અભ્યાસક્રમ શાળાએ ચલાવવાનો રહેશે. કોઇ શાળા નિયત અભ્યાસક્રમ ઉપરાંત વધારાનું શિક્ષણ આપવા માગતી હોય તો તે આપી શકશે.

૧૪. જે શાળાને ગ્રાન્ટેડમાંથી નોનગ્રાન્ટેડ શાળા તરીકે ફેરવવામાં આવે ત્યારે તેના અગાઉના વિદ્યમાન મહેકમ ઉપરના નિયમિત નિમણુંકો ધરાવતા સ્ટાફની ગ્રાન્ટેડ શાળા દરમ્યાનની સેવા પેન્શનપાત્ર હોય તો પેન્શનપાત્ર સેવા પુરતા નિવૃત્તિના લાભો આપીને અગાઉની સેવા સમાપ્ત થયેલ ગણવાની રહેશે અને તે માટે તમામ સ્ટાફ પાસેથી તે પ્રમાણે સ્ટેમ્પ પેપર ઉપર બાહેંધરી મેળવીને નોટરી સમક્ષ નોંધણી કરાવવાની રહેશે અને તેની ખાતરી સંબીધત ખાતાના વડાએ કરવાની રહેશે અને શાળાને નોન ગ્રાન્ટેડ તરીકે ફેરવ્યા તારીખથી તેવા

સ્ટાફના પગાર ભથ્થાં સહિતના નિવૃત્તિના લાભો વગેરેની જવાબદારી જે તે સંસ્થાની રહેશે. રાજ્ય સરકારની કોઇપણ પ્રકારની જવાબદારી રહેશે નહીં.

૧૫. કાયમી ધોરણે ગ્રાન્ટ નહીં લેવાની શરતે તબદીલ કરાયેલી શાળાઓમાં આ હુકમો પછી નવી નિમણુંક પામનાર શિક્ષકોના તેમજ અન્ય કર્મચારીઓના પેન્શનની જવાબદારી શાળાઓએ ઉઠાવવાની રહેશે. આવી શાળાના કર્મચારીઓની કોઇપણ પ્રકારની નાણાંકીય જવાબદારી સરકાર પર રહેશે નહીં.

૧૬. આવી તબદીલ થતી બિન સરકારી માધ્યમિક /ઉચ્ચતર માધ્યમિક શાળાઓએ હવે પછી કર્મચારીઓની ભરતી માટે ના વાંધા પ્રમાણપત્ર કે બહાલી મેળવવાની રહેશે નહીં. ગ્રાન્ટ ન લેતી માધ્યમિક શાળાઓ નિયમોનુસાર નકકી કરેલ વર્ગદીઠ શિક્ષકના પ્રમાણ કરતાં ઓછી સંખ્યામાં શિક્ષકો રાખી શકશે નહીં.

૧૭. સંસ્થાનું મકાન જે તે તબદલી થતી જો અંશતઃ કે પુર્ણતઃ સરકારી અનુદાનમાંથી બનાવવામાં આવ્યું હોય તો મકાન બાંધકામ પેટે ચૂકવવામાં આવેલ અંશતઃ કે પુર્ણતઃ સરકારી સહાય પરત ચુકવવાની રહેશે.

૧૮. ગ્રાન્ટેડ શાળાઓના શૈક્ષણિક અને બીન શૈક્ષણિક સ્ટાફને પેન્શન યોજના લાગુ પડે છે. આવી શાળા નોન ગ્રાન્ટેડ થાય પછી તેમના પેન્શન તેમજ ઉચ્ચતર પગારધોરણ અને પગાર બાંધણી અને રહેમરાહે નોકરીના લાભો તથા તેમની નોકરીની સલામતીના અને આવા અન્ય આનુષાંગિક પ્રશ્નો ઉપસ્થિત થશે તો તે માટે નોન ગ્રાન્ટેડ થતી શાળાના કર્મચારીઓએ સંબંધિત શાળા-સંસ્થા અથવા તો નામદાર કોર્ટ મારફત ઉકેલ લાવવાનો રહેશે. આ માટે રાજય સરકારની કોઇ જ પ્રકારની જવાબદારી રહેશે નહીં.

૧૯. (૧) ગ્રાન્ટ નહીં લેવાની શરતે જે શાળાઓને તબદીલીની મંજુરી આપવામાં આવી હોય તેવી સંસ્થાઓ પાસેથી પોતે કાયમી ધોરણે ગ્રાન્ટ નહીં લે તે અંગેની સંમતિ,

(૨) ગ્રાન્ટેડ તરીકેના મળતા તમામ લાભો, શાળા/સંસ્થા નોન ગ્રાન્ટેડ થતાં, તાત્કાલિક ધોરણે બંધ થશે, તે અંગેની સંમતિ,

(૩) તમામ પ્રભાગો એકસાથે તબદીલ થશે તે અંગેની સંમતિ,

(૪) રાહતદરે જમીન મળી હશે તો તે અંગે પ્રવર્તમાન બજાર ભાવે તફાવતની રકમ સરકારમાં જમા કરાવવા અંગેની સંમતિ અને તે અંગે બેંક ગેરંટી,

(૫) ભૌતિક સુવિધાઓ વિકસાવવા મળેલ લાભો પરત કરવા અંગેની સંમતિ તથા બેંક ગેરંટી,

(૬) વિદ્યાર્થીઓની ફી તથા સરકારશ્રીની નીતિ વિષયક સૂચનાઓનું તથા માધ્યમિક શિક્ષણ ધારાની જોગવાઇઓના પાલન કરવા અંગેની સંમતિ, ગ્રાન્ટેડ શાળામાંથી તબદીલ થતી શાળાએ ભવિષ્યમાં ઉભી થનાર આર્થિક અસરો તથા અન્ય લાભો અંગે સંબંધિત વિદ્યાર્થીઓના વાલીઓ, શૈક્ષણિક કર્મચારીઓ તથા બિન શૈક્ષણિક કર્મચારીઓને સમજૂતી આપી લેખિત બાહેંધરી રૂા. ૫૦ ના સ્ટેમ્પ પેપર પર નોટરી સમક્ષ કરાવેલી એફીડેવીટ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર સમક્ષ રજુ કરવાની રહેશે અને આવી એફિડેવીટ રજુ થયા બાદ જ સંસ્થાને મંજુરીનો આદેશ આપવામાં આવશે. સક્ષમ અધિકારીએ એફિડેવીટમાં નક્કી કરાયેલ અને જરૂરી બધી જ શરતો આવરી લેવાય તે જોવાનું રહેશે.

૨૦. આ હુકમો અનુસાર કાયમી ધોરણે ગ્રાન્ટ નહીં લેવાની શરતે તબદીલ થયેલી શાળાએ શાળાના પ્રકાર / પ્રવાહવાર તેના સ્ટાફને પેન્શનની જવાબદારી અને તેને આનુષાંગિક તમામ પ્રકારની જવાબદારી સંસ્થાએ સ્વીકારવાની રહેશે અને તે માટે સંસ્થાએ રૂા.૫૦/- ના સ્ટેમ્પ પેપર ઉપર નોટરી/સક્ષમ કાનૂની સત્તા સમક્ષ કરાયેલી એફીડેવિટ સ્વરૂપમાં બાહેંધરી આપવાની રહેશે.

ઉપર પ્રમાણેની નક્કી કરવામાં આવેલી શરતોની નીતિ અન્વયે ફક્ત કાયમી ધોરણે ગ્રાન્ટ (અનુદાન) ન લેવાની શરતે તબદીલ થતી બિન સરકારી માધ્યમિક /ઉચ્ચતર માધ્યમિક

શાળાઓને જ લાગુ પડશે અને જૂન-૨૦૦૫ થી શરૂ થતા શૈક્ષણિક વર્ષથી તેનો અમલ કરવાનો રહેશે. આ ઉપરાંત, નોન ગ્રાન્ટેડ અંગેની સરકાર તરફથી વખતો વખત નક્કી કરવામાં આવતી નીતિનો અમલ કરવાનો રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણા વિભાગની તા.૨૨-૩-૦૫ ની નોંધથી મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે..

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**મનહર આર.ચૌધરી**
**સેકશન અધિકારી,**
**શિક્ષણ વિભાગ.**

પ્રતિ,

- માન.રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન.મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી શિક્ષણના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.વિરોધ પક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર.
- નામ.ગુજરાત વડી અદાલત, સોલા, અમદાવાદ.
- નામ. ગુજરાત માધ્યમિક શિક્ષણ પંચ, રાયખડ, અમદાવાદ.
- ગુજરાત ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ પંચ, રાયખડ, અમદાવાદ.
- કમિશ્નરશ્રી, મધ્યાહ્ન ભોજન યોજના અને શાળાઓ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- સંયુક્ત શિક્ષણ નિયમકશ્રી, ૧૦+૨ ખાસ ઘટક, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.
- સચિવશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- મહાલેખાધિકારીશ્રી નં.૧, ગુજરાત, અમદાવાદ/ગાંધીનગર.
- મહાલેખાધિકારીશ્રી નં.૨ ગુજરાત, રાજકોટ.
- પેન્શન અને પ્રોવિડન્ટ ફંડ નિયામકશ્રી, ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ / ગાંધીનગર.
- સ્થાનિક હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
- હિસાબ અને તિજોરી નિયામકશ્રી, ગાંધીનગર.
- સર્વે જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ.
- શિક્ષણ વિભાગની સંબંધિત શાખાઓ.
- સિલેક્ટ ફાઇલ, ગ- શાખા
- નાયબ સેકશન અધિકારી સિલેક્ટ ફાઈલ.